અપીલ અરજી નં.૧૩૫ તા.૧૪–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી(તમામઝોન)
આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો.) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૮–૫–૧૦ ની અરજીથી (૧) શ્રી મેઘવાળ સમાજ ભરીમાતા સાર્વજનીક સ્મશાનગૃહ, ભરીમાતા તાપી કિનારા પાસે સુરતના સર્વે નંબર સહીતની માહિતીની નકલ. (૨) સદર સ્મશાનગૃહની મરણની દફનવિધિ–અંતિમક્રિયા કેટલા વર્ષોથી શ્રી મેઘવાળ સમાજ ઉપયોગ કરતા આવેલ છે જે અંગેની માહિતીની નકલ .વિ.મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૩૫/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૮–૫–૧૦ ની અરજીથી (૧) શ્રી મેઘવાળ સમાજ ભરીમાતા સાર્વજનીક સ્મશાનગૃહ, ભરીમાતા તાપી કિનારા પાસે સુરતના સર્વે નંબર સહીતની માહિતીની નકલ. (૨) સદર સ્મશાનગૃહની મરણની દફનવિધિ–અંતિમક્રિયા કેટલા વર્ષોથી શ્રી મેઘવાળ સમાજ ઉપયોગ કરતા આવેલ છે જે અંગેની માહિતીની નકલ . વિ.મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર નં.એન.ઝેડ./આ./૧૯૮૮ તા.૨૯–૬–૧૦ થી તથા નં.૨૧૦૬ તા.૨–૭–૧૦ થી આપેલ માહિતી અધુરી, અપુરતી, વિરોધાભાસી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૫૨૧ તા.૨૬–૬–૧૦ થી જાહેર માહિતી અધિકારી(તમામઝોન), આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો.) અને જાહેર માહિતી અધિકારી તેમજ અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૪ ની માહિતી ના.સુ. કેન્દ્ર ખાતેથી ખાતાકીય ધોરણે ઉપલબ્ધ થાય છે. તે રીતે ખાતાકીય નિયમસરની કાર્યવાહી અનુસરી આપે મેળવવા કોઈ પ્રયત્ન કરેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને (૧) જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૧૯૩ તા.૨–૮–૧૦ થી પૂરક વિગતોમાં કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૧૭૨૪ તા.૧૪–૬–૧૦ થી કાર્યપાલક ઈજનેર ઈસ્ટઝોન વરાછાને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જન્મ મરણ મધ્યસ્થ કચેરી ધ્વારા નાયબ આરોગ્ય અધિકારી કતારગામઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.પીએચડી/એમઆર/૧૨૮ તા.૨–૭–૧૦ ના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી આરોગ્ય અધિકારી નોર્થઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૩૦૮ તા.૩૧–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઈ/૧૯૩ તા.૧૫–૭–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. (૨) સેન્ટ્રલઝોન જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૬૨૬ તા.૫–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, કલમ–૮ (૧) (ઠ) ની જોગવાઈ અંગેના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તરફથી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.૩૪ તા.૨૩–૬–૧૦ ના પત્રની નકલ, કતારગામઝોન તરફથી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૧૭૨૪ તા.૧૪–૬–૧૦ ના પત્રની નકલ, જન્મ મરણ રજીસ્ટર તરફથી નાયબ આરોગ્ય અધિકારી નોર્થઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.પીએચડી/ એમઆર/ ૧૨૮ તા.૨–૭–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી આરોગ્ય અધિકારી નોર્થઝોનને તબદીલ કર્યા અંગે સેન્ટ્રલઝોન /આરટીઆઈ/જાવક/૩૦૮ તા.૩૧–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૧૬ તા.૧૪–૭–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. (૩) જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અત્રેના વિભાગને પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ ૪૭૭ તા.૫–૮–૧૦ થી પૂરક વિગતોમાં કતારગામઝોન તરફથી સા.વે.ઝોન અઠવાને તબદીલ કર્યા અંગે પત્ર નં.એન.ઝેડ/૧૭૨૪ તા.૧૪–૬–૧૦ ના પત્રની નકલ, જન્મ મરણ મધ્યસ્થ કચેરી ધ્વારા નાયબ આરોગ્ય અધિકારી નોર્થઝોનને પીએચડી/એમઆર/૧ ૨૮ તા.૨–૭–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી આરોગ્ય અધિકારી નોર્થઝોનને સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૩૦૮ તા.૩૧ –૫–૧૦ ના રોજ તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.વે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૩૪૦ તા.૨–૭–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. (૪) જાહેર માહિતી અધિકારી રાંદેઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૬૩ તા.૧૧–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં કતારગામઝોન તરફથી રાંદેરઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.એન.ઝેડ/ આરટીઆઈ/ જાવક/ ૧૭૨૪ તા.૧૪–૬–૧૦ ના પત્રની નકલ, જન્મ મરણ મધ્યસ્થ કચેરી તરફથી કતારગામઝોનને તબદીલ કર્યા અંગેના પીએચડી/એમઆર/૧૨૮ તા.૨–૭–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી આરોગ્ય અધિકારી નોર્થઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૦૮ તા.૩૧–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારને મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૩૯ તા.૩૧–૭–૧૦ ના પત્રની નકલ. (૫) જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/એમઆર/૨૪૨ તા.૫–૮–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીએચડી/એમઆર/૨૦૨ તા.૧૭–૭–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. (૬) જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૦૪૬ તા.૧૦–૮–૧૦ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી કતારગામઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૦૮ તા. ૩૧–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. નોર્થઝોન/આ.નં.૨૧૦૬ તા.૨–૭–૧૦ ના પત્રની નકલ તથા નોર્થઝોન/આ.નં.૩૧૧૪ તા.૧૧–૮–૧૦ થી જન્મ મરણ વિભાગ કતારગામની પૂરક વિગતોમાં જન્મ મરણ મધ્યસ્થ તરફથી નોર્થઝોનને તબદી થયા અંગે પત્ર નં.પીએચડી/એમઆર/૧૨૮ તા.૨–૭–૧૦ ના પત્રની નકલ, કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૧૭૨૪ તા.૧૪–૬–૧૦ થી તમામ ઝોન અને આરોગ્ય વિભાગને તબદીલ કર્યા અંગેના પત્રોની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં. ૧૯૮૮ તા.૨૯–૬–૧૦ ના પત્રની નકલ, તથા પત્ર

નં.પીએચડી/એમઆર/૨૦૨ તા.૧૭–૭–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી રજીસ્ટર જન્મ મરણ વિભાગને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. (૭) જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/ ૧૮૩૪ તા.૧૦–૮–૧૦ થી પૂરક વિગતોમાં કતારગામઝોન તરફથી લીંબાયતઝોનને તબદીલ થયેલ પત્ર નં.એન.ઝેડ/ આરટીઆઈ/ ૧૭૨૪ તા.૧૪–૬–૧૦ ના પત્રની નકલ, જન્મ મરણ રજીસ્ટ્રાર તરફથી કતારમઝોનને તબદીલ થયેલ પત્ર નં.પીએચડી/એમઆર/૧૨૮ તા.૨–૭–૧૦ ના પત્રની નકલ તથા સેન્ટ્રલઝોન તરફથી કતારગામઝોનને તબદીલ થયેલ સે.ઝોન/ આરટીઆઈ/ ૩૦૮ તા.૩૧–૫–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૮૨ તા.૨૧–૬–૧૦ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને પત્ર નં.સા.ઝોન/આરટીઆઈ સેલ/૪૧ તા.૯–૮–૧૦ થી પૂરક વિગતોમાં સરખા પત્ર ધ્વારા કાર્યપાલક ઈજનેર કતારગામઝોન અને સેન્ટ્રલઝોનને અરજી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, તથા અરજદારની મુળ અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે. તે સિવાય કોઈ વિગતો રજૂ કરેલ નથી. તેમજ અરજદારે મુદ્દા નં.૪ ની જન્મ મરણના પ્રમાણ પત્ર બાબતેની માહિતી મેળવવા અંગેના પાઠવેલ પત્રના સંદર્ભે તા.૩૧–૭–૧૦ ના રોજ પૂરક વિગતોમાં કોઈ પૂરક વિગતો આપેલ નથી.

અરજદારની તા.૨૮–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી સી.ઝેડ/આરટીઆઈ/૩૦૮ તા.૩૧–૫–૧૦ થી આરોગ્ય અધિકારી તેમજ કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૧૧ તા.૧૯–૬–૧૦ થી રજીસ્ટ્રાર જન્મ મરણ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જન્મ મરણ રજીસ્ટ્રાર તરફથી પત્ર નં.પીએચડી/ એમઆર / ૧૨૮ તા.૨–૭–૧૦ થી નાયબ આરોગ્ય અધિકારી કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. કતારગામઝોન તરફથી તમામઝોનના મ.જાહેર માહિતી અધિકારી અને જાહેર માહિતી અધિકારી આરોગ્યને પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૧૭૨૪ તા.૧૪–૬–૧૦ થી તબદીલ કરવામાં આવેલ.ઉધનાઝોન તરફથી આરટીઆઈ/૩૪ તા.૨૩–૬–૧૦ થી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૯૮૮ તા.૧૯–૬–૧૦ થી મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આપવામાં આવેલ છે. જયારે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૧૦૬ તા.૨–૭–૧૦ થી મુદ્દા નં.૧ ની માહિતી આપવામાં આવેલ છે. જયારે આરોગ્ય વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/એમઆર/૨૦૨ તા.૧૭–૭–૧૦ થી મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૪૦ તા.૨–૭–૧૦ થી , સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૧૬ તા.૧૪–૭–૧૦ થી , વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ /૧૯૩ તા.૧૫–૭–૧૦ થી , લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૮૨ તા.૨૧–૬–૧૦ , થી , વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આ.નં.૨૩૯ તા.૩૧–૭–૧૦ થી , ઉધનાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧ તા.૯–૮–૧૦ થી અરજદારને કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. પરંતુ અરજદારની જાણ હેઠળ નોર્થ અને સેન્ટ્રલઝોનને તબદીલ કરેલ છે. તમામ જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી જોતાં (૧) શ્રી મેઘવાળ સમાજ ભરીમાતા સાર્વજનીક સ્મશાનગૃહ, ભરીમાતા તાપી કિનારા પાસે સુરતના સર્વે નંબર સહીતની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી ભરીમાતા સાર્વજનીક સ્મશાનગૃહ તાપી કિનારા પાસે સુરતના સર્વે નંબર સહિતની માહિતીના નિકાલ બાબતે જે તે સંસ્થા કો.ઓ. સોસા. વિગેરેની રેવન્યુ રેકર્ડની માહિતી મહાનગરપાલિકામાં રાખવામાં આવતી નથી. જેની માંગ્યા મુજબના સર્વે નંબરની માહિતી ઉપલબ્ધ ન હોય મુદ્દા નં.૧ ની માહિતી આપી શકાતી નથી. તેવું જણાવેલ છે. પરંતુ સ્મશાનગૃહ અંગેની મહાનગરપાલિકાની વૈદ્યાનિક ફરજ ધ્યાને લેતાં આ વિગતો સુરત મહાનગરપાલિકા દફતરે હોઈ શકે તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. અને જો આવી વિગતો ન જ હોય તો લાગત જાહેર સત્તા મંડળને કલમ–૬(૩) હેઠળ તબદીલ કરેલ નથી. (૨)સદર સ્મશાનગૃહની મરણની દફનવિધિ–અંતિમક્રિયા કેટલા વર્ષોથી શ્રી મેઘવાળ સમાજ ઉપયોગ કરતા આવેલ છે જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી સદર સ્મશાનગૃહ મહાનગરપાલિકા દફતરે તા.૨૩–૩–૮૩ થી નોંધાયેલ છે. (૩) સદર સ્મશાનગૃહની ભુમિમાં દફનક્રિયા, અંતિમક્રિયા થયેલ મરણના પ્રમાણપત્ર એસએમસી ના જન્મ–મરણ વિભાગમાંથી આપવામાં આવેલા છે અને અપાય પણ છે. હાલમાં સદર સ્મશાનભુમિનો મરણની દફનવિધિ અંતિમક્રિયા અંગે થાય છે કે નહી જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી હાલમાં શ્રી મેઘવાળ સમાજ ભરીમાતા સાર્વજનિક સ્મશાનગૃહ ભુમિનો મરણની દફનક્રિયા કે અંતિમક્રિયા અંગે થાય છે કે નહીં અંગેની માહિતી કતારગામઝોન દફતરે ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી આરોગ્ય ધ્વારા સદર બાબત સદર સ્થળે તપાસ કરતાં હાલમાં આ સ્થળે દફતરક્રિયા કે અંતિમક્રિયા કરવામાં આવતી હોય એમ માલુમ પડેલ નથી. તેવું જણાવેલ છે. (૪) સને ૨૦૦૯ થી માર્ચ–૨૦૧૦ સુધીમાં સદર સ્મશાનગૃહમાં મરણ થયેલની દફનવિધિ અંતિમક્રિયા બાદ કુલ મરણના પ્રમાણપત્રની જન્મ મરણ વિભાગમાંથી નામ, મહીના સહિતની કુલ સંખ્યાની માહિતીની નકલ.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી સને ૨૦૦૯ થી માર્ચ ૨૦૧૦ સુધીમાં સદર સ્મશાનગૃહમાં મરણ થયેલની દફનવિધિ અંતિમક્રિયા બાદ કુલ એક મરણ નામ શારદાબેન રૂદીબેન ચૌહાણ મરણ તા.૯–૪–૦૯ નોંધણી ક્રમાંક એન.ઝેડ/ ૨૦૦૯ ૪૫૪ તા.૧૫–૪–૦૯ ના રોજ નોંધાયેલ છે તેવું જણાવેલ છે. આજ બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી સદર બાબતે જાહેર માહિતી અધિકારી અને એડી. સીટી ઈજનેર સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૫૧૬ તા.૧૪–૭–૧૦ થી તમને જવાબ આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જેમાં ૨૦૦૯થી ૨૦૧૦ સુધીમાં મેઘવાળ સમાજ ભરીમાતાના સાર્વજનિક સ્મશાનગૃહમાં મરણ થયેલા દફનવિધિની અંતિમક્રિયા બાદ મરણ પ્રમાણપત્રના નામ મહીના સહિતની માહિતીઆપી શકાય નહીં તેવું જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૩૪૦ તા.૨–૭–૧૦ થી મુદ્દા નં.૨ થી ૪ બાબતે આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ ધ્યાને લેતાં ત્રાહિત વ્યકિતને આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે.

જેના સંદર્ભે અરજદારે અધૂરી, અપૂરતી અને છેતરપીંડી ભરેલી લોલંમ લોલ માહિતી આપ્યાનું જણાવી તા.૧૪–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં કતારગામઝોન તરફથી પત્ર એન.ઝેડ/૧૯૮૮ તા.૨૯–૬–૧૦ અને એન.ઝેડ/૨૧૦૬ તા.૨–૭–૧૦ તથા અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન/૩૪૦ તા. ૨–૭–૧૦ અપવાદ હેઠળના કારણથી ઈન્કાર કરેલ છે તેનાથી નારાજ થઈ અપીલ અરજીમાં પત્ર નં.૨૧૦૬ થી તદ્દન જુદી માહિતી તથા પત્ર નં.૧૯૮૮ મુદ્દા નં.૪ ની મરણના નોંધની માહિતી આપેલ છે. જયારે અઠવાઝોન તરફથી પત્ર નં.૩૪૦ માહિતીનો ઈન્કાર કરેલ છે જે બાબતે અરજદારે તેઓના અધિકારક્ષેત્રમાં આવતું ન હોવાનું પણ જણાવેલ છે. તથા સાત ઝોનમાંથી ફકત બે જ ઝોનની માહિતી પ્રત્યુત્તર મળેલ છે તેવું જણાવેલ છે. જેથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માહિતી પૂરી પાડવાની રજૂઆત કરેલ છે. અરજદારના મુદ્દા નં.૧ બાબતે જાહેર માહિતી અધિકારીએ સંસ્થા કે કો.ઓ. સોસા.

વિગેરે રેવન્યુ રકેર્ડની માહિતી મહાનગરપાલિકામાં રાખવામાં આવતી નથી જેથી માંગ્યા મુજબની સર્વે નંબરની માહિતી ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ સંબધકર્તા સત્તા મંડળને સદર મુદ્દા પૂરતી તબદીલ કરવી જોઈએ. અધૂરી માહિતી બાબતે અરજદારે બે ઝોનની માહિતી મળેલ છે તેવું જણાવેલ છે પરંતુ અપીલ તબકકે અન્ય તમામઝોન અને આરોગ્ય ખાતા સહિતની માહિતી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં થયેલ મૃત્યુની અંતિમક્રિયા કે દફનવિધિ સદર જગ્યાએ પણ થઈ શકે તેથી અરજદારનો અઠવાઝોનની માહિતી બાબતે તેમના કાર્યક્ષેત્રમાં નહીં આવવા બાબતની રજૂઆત યોગ્ય નથી. અરજદારને અઠવાઝોન અને સેન્ટ્રલઝોન તરફથી આરટીઆઈના કાયદાની કલમ–૮(૧)(ઠ) હેઠળ ઈન્કાર કરવામાં આવેલ છે જે બાબતે જે તે જાહેર માહિતી અધિકારીએ કઈ માહિતી આપવી અને કઈ માહિતી તબદીલ કરવી તથા કઈ માહિતીને અપવાદ હેઠળ ઈન્કાર કરવો તે નિર્ણય આરટીઆઈના કાયદાને ધ્યાને રાખી જાહેર માહિતી અધિકારીએ નિર્ણય લેવાનો રહે તે મુજબ જે તે ઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી નિર્ણય કરવાનો રહે છે. આથી પ્રસ્તુત કેસમાં લાગે છે ત્યાં સુધી ત્રાહિત વ્યકિત અંગેની માહિતી હોય તો આરટીઆઈ એકટની કલમ–૧૧ મુજબ ની કાર્યવાહી કરવાની રહે અને ત્યાર બાદ નિર્ણય કરવાનો રહે. પરંતુ તેવી કોઈ કાર્યવાહી થયેલ જણાતી નથી. જયારે સેન્ટ્રલઝોને કલમ–૮(૧)(ઠ) હેઠળના ઈન્કાર પૂર્વે કલમ–૮(૧) ની નીચેની નોંધ સંસદ કે વિધાન સત્તાને જે માહિતી આપવા ઈન્કાર શકાય નહીં તેવી માહિતી આપવા આ કાયદા હેઠળ ઈન્કાર થઈ શકે નહીં તે બાબત તથા ૮(૧)(ઠ) ના અપવાદ સમયે પણ વ્યાપક જાહેર હિત અગર જાહેર સ્ત્રોત હેઠળની માહિતી ધ્યાને રાખી નિર્ણય લીધેલ જણાતું નથી. સુરત મહાનગરપાલિકા નાગરીક સુવિધાકેન્દ્ર કિયોસ્ક મુકીને આજ માહિતી જાહેર સ્ત્રોત હેઠળ વાસ્તવમાં મુકવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન અને સ ેન્ટ્રલઝોન ધ્વારા કરવામાં આવેલ ઈન્કાર યોગ્ય જણાતો નથી. તે જ રીતે સુરત મહાનગરપાલિકાના તમામઝોનમાં જન્મ મરણની નોંધણીની જોગવાઈ હોય ત્યારે ઉધનાઝોન તરફથી હકીકતલક્ષી માહિતી આપવાના માટે સેન્ટ્રલઝોન અને કતારગામઝોનને ઘણા વિલંબથી તબદીલ કરેલ છે. જે કાયદાની ભાવના સાથે સુસંગત નથી. અરજીનું વિષય વસ્તુ જોતાં અને તમામઝોન નોંધણી અંગેની કાર્ય પધ્ધતિ જોતાં મુદ્દા નં.૪ ની વિગતો માટે સેન્ટ્રલઝોન ખાતેથી સીધી તબદીલી તમામઝોનના જાહેર માહિતી અધિકારીને કરવા યોગ્ય થતી હતી જે થયેલ નથી. સેન્ટ્રલઝોન સિવાય તમામઝોન કક્ષાએથી લગભગ કાયદાની કલમ–૬(૩) ની જોગવાઈનું ઉલ્લંઘનમાં પારસ્પરિક રીતે વિલંબિત તબદીલ કરેલ છે. પરંતુ કતારગામ, વરાછા અને વેસ્ટઝોન સિવાય કોઈ ઝોન ધ્વારા મુદ્દા નં.૪ અંગે દફતરી માહિતી જણાવેલ નથી. અરજદારના ૪ મુદ્દા પૈકી મુદ્દા નં.ર તથા ૩ ની માહિતી જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી લગભગ ૧૮ દિવસના વિલંબથી અપાયેલ છે. જેથી તે અંગે હવે અરજદારને તકરાર માટે સ્થાન નથી. મુદ્દા નં.૧ અને ૪ પૂરતી અરજદારની તકરાર રહે છે. જે પૈકી કતારગામ, વરાછા અને વેસ્ટઝોન તેમના કાર્યક્ષેત્રની માહિતી પૂરી પાડેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.ર૮–પ–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ બાબતે જાહેર માહિતી અધિકારીએ સર્વે નંબર બાબતે જે તે સત્તા મંડળને અરજી તબદીલ કરવા ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૪ અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન, એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા આરોગ્ય અધિકારીઅને ઈ.ચા. ડે.કમિશનર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી આરોગ્યને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશનર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી(તમામઝોન), આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર (હે અને હો.) અને જાહેર માહિતી અધિકારી... ..જાણ તથા અમલ માટે

(ર) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,